ગાંધીનગર સમાચાર

સિવિલમાં જનરેટરનું ટેસ્ટીંગ કરાયું

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શેષની ઘટાના હિંડોળા યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'સુગંધી શલાકા'ના સુંદર કલાત્મક હિંડોળા સાંજે ૫ થી ૮ દરમિયાન યોજાશે.

● સે-૩-ન્યુ વસાહતી ભાઈ-બહેનો માટે સવારે ૯.૩૦ થી ૪ કલાક દરમિયાન શોપીંગ સેન્ટર પાસે આધારકાર્ડ કેમ્પ યોજાશે.

# શહેરમાં લીલા મરચાના ભાવમાં ઉછાળો

ગાંધીનગર, તા.૨૪

છેલ્લા ઘણા સમયથી શાકભાજીના ભાવ ઉંચકાયા છે. શાકભાજીના ભાવ ને પગલે ગૃહિણીઓના બજેટ ખોરવાઈ જવા પામ્યા છે. ત્યારે છેલ્લા ૪ દિવસથી શાકભાજીની સાથે સાથે મરચાના ભાવમાં પણ તેજી જોવા મળી રહી છે. મરચાનો ભાવ સાંભળી મહિલાઓની આંખમાં આંસુ સરી પડે છે. ચાર દિવસ પહેલા રૂ.૬૦ થી ૭૦ ના કિલોના ભાવે વેચાતા મરચા અત્યારે હાલ રૂ.૧૨૦ ના ભાવે વેચાઈ રહ્યા છે. ત્યારે શહેરના નાગરીકોના ઘરમાંથી મરચા અદ્રશ્ય થઈ જવા પામ્યા છે. જયારે નાસ્તાની લારીઓ પર લીલા મરચાના સ્થાનની જગ્યાએ વેપારીઓ ડુંગળી, કઢી તેમજ ચટણી આપી ગ્રાહકને મનાવાનો પ્રયાસ કરી રહ્યા છે. બજારમાં હાલના સમયે મરચાના ભાવ સાંભળી કોઈ પણ નાગરીકના મનમાં તીખાશ ચોકકસ આવી જાય છે.

રાજયભરમાં શાકભાજીના ભાવ આસમાનને આંબે છે. ઓછા વરસાદને પગલે શાકભાજીની આવક ઓછી થવા પામી છે. જેથી



ભાવમાં ભડકો યથાવત રહેવા પામ્યો છે. ત્યારે છેલ્લા ચારેક દિવસથી નગરના શાકમાર્કેટમાં મરચાના ભાવ સાંભળી ગૃહિણીઓની આંખમાં આંસુ આવી જાય છે. શહેરમાં મોટાભાગે લીલા મરચા વિજાપુર તાલુકાના લાડોલ, ઈડરના કડીયાર, નડીયાદ- સારસા,ખંભોળજ સહિત નાસિકથી આવે છે. પરંતુ મરચાની ઓછી આવકને પગલે ભાવમાં તેજી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. બજારમાં રૂ.૬૦ થી ૭૦ ના કિલોના ભાવે વેચાણ થતા મરચા અત્યારે હાલ રૂ.૧૨૦ ના ભાવે વેચાણ થાય છે. રસોડામાં બનતી તમામ વાનગીમાં લીલા મરચાનો મહતમ ઉપયોગ થાય છે. ત્યારે મરચાના ભાવમાં ભડકો થતા મરચા રસોડામાંથી ગાયબ થઈ ગયા છે. મરચાના ભાવમાં તીખાશ આવતા નાગરીકોની આંખમાં આંસુ આવી જાય છે. શહેરમાં આવેલી નાસ્તાની રેકડીઓ પર ગોટા, દાળવડા, બટાકાવડા, પાપડી, સહિતના નાસ્તામાં ગ્રાહકોને ડુંગળી સાથે પીરસાતા મરચાનું સ્થાન અત્યારે કઢી તેમજ ચટ્ટણીએ લીધું છે. આગામી દિવસોમાં મરચાના ભાવ નીચા આવે તેની રાહ નગરજનો જોઈ રહ્યા છે. પરંતુ વેપારીઓના મતે આ ભાવ હજુ દસેક દિવસ યથાવત રહેવા પામશે.



સમદર્શન આશ્રમ સેકટર-૧ ખાતે પૂ. ગુરૂમા સમાનંદજીના શ્રીમદ્ ભગવદ ગીતાના સ્વાધ્યાય વર્ગો છેલ્લા ઓગણીસ વર્ષથી ચાલી રહ્યા છે. સાત વર્ષ અગાઉ પ્રથમ અધ્યાયથી શરૂ થયેલ ગીતા સ્વાધ્યાય જુલાઈ ૨૦૧૬માં અઢારમા અધ્યાયની પૂર્ણાહુતિ સાથે સંપન્ન થયેલ છે. આના ઉપલક્ષ્યમાં સમદર્શન આશ્રમ દ્વારા ઈન્દ્રોડા તથા ધોળાકૂવા ગામના ૬૦ જેટલા જરૂરિયાતમંદોને પ્રતિમાસ અનાજની કીટનું વિતરણ કરવાનો શુભારંભ પૂ.ગુરૂમાના શુભહસ્તે કરવામાં આવેલ છે. ચામુંડા મંદિર ટ્રસ્ટ ચોટીલાના મહંત અતુલગિરિ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સિવિલમાં જનરેટરનું ટેસ્ટીંગ કરાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે નવી બિલ્ડીંગ માટે કાર્યરત જનરેટરનું ટેસ્ટીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે પણ ટોરેન્ટ પાવરની લાઈટ ડુલ થશે તેની માત્ર ૧૫ સેકન્ડમાં જ જનરેટર કાર્યરત થઈ જશે. સિવિલમાં નવા બિલ્ડીંગમાં દર્દીઓને કોઈ પણ જાતની સારવારમાં તકલીફ ના પડે તે માટે તંત્ર દ્વારા આ સુવિધા ઉભી કરવામાં આવી છે.૧૦૦૦ કેવીના જનરેટરમાં ૧૦૦૦ લીટર સમાઈ શકે તેવી ક્ષમતા હોવાથી કલાકો સુધી કાર્યરત રહી શકે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા બિલ્ડીંગ માટે ૧૦૦૦ કેવીનું જનરેટર તંત્ર દ્વારા દર્દીઓની સુવિધા માટે મુકવામાં આવ્યું છે. આ જનરેટરનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ કલાકે શરુ કરવામાં આવેલ જનરેટર અડધો કલાક ઉપર શરુ રાખવામાં આવ્યું હતું. જેથી નવા બિલ્ડીંગમાં આવેલ આઈસીયું. ઓપરેશન થિયેટર સહિતનો લોડ ઉપાડી શકે છે કે નહી તે જોવામાં આવ્યું હતું. લીફટ, ચીલર પ્લાન્ટ સહિતનો લોડ ઉપાડતા જનરેટરને અડધો કલાક બાદ બંધ કરવામાં આવ્યું હતું. અંદાજે એક કરોડથી વધુ રકમના જનરેટર દર્દીઓની સુવિધા માટે તંત્ર દ્વારા લેવામાં આવ્યું છે. લાઈટ ડુલ થાય તે સમયે આઈસીયુ કે વેન્ટીલેટર પર હોય તેવા દર્દીઓને કોઈ પણ જાતની પરેશાની વેઠવાનો વારો નહી આવે. જુના બિલ્ડીંગમાં જનરેટર તો છે જ પરંતુ ખાસ નવીન ઈમારત માટે આ જનરેટર ઉપયોગમાં લેવામાં આવશે.

## ગાંધીનગરમાં જિલ્લા કક્ષાની રાયફલ શુટિંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ડિસ્ટ્રીકટ રાયફલ એસોસિએશન દ્વારા આગામી તા. ૩૦ અને ૩૧મી જુલાઈ શનિ-રવિવારના રોજ જિલ્લા કક્ષાની એર રાયફલ શુટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા સેકટર-૧૨માં સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ ખાતે સવારે ૯ થી સાંજના ૪.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે.

જિલ્લા કક્ષાની એર રાયફલ શુટિંગ સ્પર્ધા ત્રણ કેટેગરીમાં યોજાશે. જેમાં ૧૪ થી ૧૭ વર્ષની વય સુધીના સ્પર્ધકો માટે 'યુથ' કેટેગરી, ૧૮ થી ૨૧ વર્ષની વય સુધીના સ્પર્ધકો માટે 'જુનિયર' કેટેગરી તેમજ ૨૧ વર્ષથી ઉપરની વયના સ્પર્ધકો માટે 'સિનિયર આર્યન' કેટેગરી રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા ખેલાડીઓએ તા. ૨૭મી જુલાઈ સુધીમાં પોતાના નામની નોંધણી રાજેન્દ્રસિંહ બારડ અથવા નટુભાઈ લાડાણીને ફોર્મમાં પુરી વિગત ભરી મોકલી આપવાની રહેશે. વય ગણતરી માટે તા. ૩૦મી જુલાઈને આધાર રાખવામાં આવશે તેની ખેલાડીઓએ નોંધ લેવી.

# ગિયોડ ગામમાં દલિત યુવાન પર હુમલો : ત્રણની ધરપકડ

**રૂપિયાની લેતી દેતીમાં યુવાનના માથે લાકડી ફટકારી ગડદાપાટુનો માર માર્યો હતો**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા ગિયોડ ગામમાં ગઈ મોડી સાંજે રૂપિયાની લેતી દેતીમાં ગામના ઠાકોર યુવાનો અને એક દલિત યુવાન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બોલાચાલી ઉગ્ર બનતા ઉશ્કેરાયેલા ત્રણ શખ્શોએ દલિત યુવાનના માથે લાકડી મારી ગડદાપાટુનો માર માર્યો હતો. આ મામલે ઘાયલ થયેલા દલિત યુવાનની ફરિયાદ લઈ ચિલોડા પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરી ત્રણેય હુમલાખોરોની ધરપકડ કરી લીધી છે.

ગઈ મોડી સાંજે ગિયોડ ગામે દલિત યુવાન પર થયેલા હુમલાની ઘટનાએ ગામના વાતાવરણમાં અશાંતિ ઉભી કરી હતી. જો કે આ ઘટનાને આંદોલન સાથે કોઈ લેવા દેવા ન હોવાનું અને રૂપિયાની લેવડ દેવડની વ્યકિતગત બાબતને કારણે માથાકુટ થઈ હોવાનું બહાર આવતા કોઈ અન્ય અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. ગિયોડના બાલાજી ઉર્ફે ટીનુજી કેશાજી ઠાકોર દ્વારા ગામમાં રહેતા દલિત યુવાન મુકેશભાઈ સોનારાને ઉછીના રૂપિયા આપવામાં આવ્યા હતા. ગઈ સાંજે રૂપિયાની ઉઘરાણી કરવામાં આવી હતી તે બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા બાલાજીએ મુકેશના માથે લાકડી ફટકારી હતી. મુકેશ લોહી લુહાણ થઈ ગયો હતો તે દરમિયાન જશુજી ભેમાજી ઠાકોર અને વિષ્ણુજી બાધુજી ઠાકોરે બાલાજીનું ઉભરાણુ લઈ મુકેશને ગડદાપાટુનો માર મારતા ઘાયલ મુકેશને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાએ ત્રણેય હુમલાખોર સામે મુકેશની ફરિયાદને આધાર આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬, ૧૧૪ અને જીપીએકટ ૧૩૫ ઉપરાંત એટ્રોસીટી એકટ હેઠળ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.



## શ્રીનાથ હોમ્સમાં સાપ નીકળ્યો

ચોમાસાની ઋતુમાં સાપ નીકળવાની ઘટના શહેરમાં વધી જાય છે. રવિવારના રજાના દિવસે ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની શ્રીનાથ હોમ્સ સોસાયટીમાં સાંજે સાતેક વાગ્યાના સુમારે સાપ નીકળતા સોસાયટી પ્રાંગણમાં રમી રહેલા બાળકો અને 'ઈવનીંગ વૉક' માટે નીકળેલી મહિલામાં ગભરાટની લાગણી ફેલાઈ હતી. જો કે સોસાયટીના 'જી' બ્લોકમાં રહેતા સત્યેન્દ્ર યાદવે સર્પપ્રેમી કૌશલભાઈનો સંપર્ક કરતા તેમણે તુરંત જ આવી કોઈ પણ સાધન વિના ખુલ્લા હાથે સાપને પકડયો હતો. આ સાપ બિનઝેરી છે અને તેનાથી ડરવાની જરૂર નથી તેવું કહેતા કૌશલભાઈએ પહેલા અકળાયેલા સાપને શાંત કરી પછી બાળકો-મહિલાઓ સહિત રહીશને સ્પર્શ કરાવતા તમામ આનંદિત થઈ ઉઠયા હતા. કૌશલભાઈ વિના મૂલ્યે સાપ પકડવાની સેવા આપે છે તેમનો સંપર્ક નંબર ૯૯૯૮૦ ૭૭૭૦૧ છે.

## વાતવાતમાં

● રવિવારે ગાંધીનગરમાં યોજાયેલ દલિત સંગઠનોના રેલીના બંદોબસ્તમાં પોલીસ વ્યસ્ત હતી ત્યારે જ માણસાના ઈટાદરા ખાતે જુથ અથડામણના સમાચાર મળતા પોલીસનો અમુક કાફલો સત્વરે રવાના કરાયો હતો. આ સાથે તોફાની ટોળાને વિખેરવા ખાસ વપરાતું વાહન 'વજ' પણ સાથે દોડતું કરાયું હતું.

● સે-૧૭ની લાયબ્રેરી પાસે થયેલ ઠાકોરો અને દરબારો વચ્ચેની અથડામણમાં ઠાકોરો સામે દાખલ કરાયેલ ગુનાની ફરિયાદમાં ૧૨ કલમો લગાડાયેલી હતી. આ સંદર્ભે ઠાકોરોએ પણ 'દરબારોએ રિવોલ્વર સહિતના હથિયારો સાથે આવ્યા હોવાની' ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને રજુઆત કરી હતી.

● શહેરના અનેક મંદિરોમાં હિંડોળાના આયોજનનો પ્રારંભ થઇ ચુકયો છે. સુંદર અને કલાત્મક હિંડોળા નિહાળવા ભાવિક ભકતો ભીડ જમાવી રહ્યાં છે.

● શહેરમાં વરસાદી માહોલે વિદાય લઈ લીધી છે અને એકાએક ઉનાળાનું પુનરાગમન થયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. દિવસ દરમિયાન ગરમીના વધી રહેલા પારાને કારણે નગરજનો ત્રસ્ત થઈ રહ્યા છે.

● ઓગષ્ટ મહિનો એટલો તહેવારોનો મહિનો. જેના લીધે જુલાઈ મહીનામાં દરેક વસ્તુની ખરીદી પર ભારે સેલ-ડીસ્કાઉન્ટ મળે છે. જેના પરિણામે બજારોમાં આજકાલ ભારે ભીડ જોવા મળી રહી છે.

# 'અબૂધ' નણંદને મળી ભાભીઓની મમતાની હૂંફ

**સગા મા-બાપને વૃધ્ધાશ્રમમાં મુકી આવતા સંતાનોના યુગમાં પરજ્ઞાતિની વહુઓ માનસિક રીતે વિશિષ્ટ નણંદને છેલ્લા વીસેક વર્ષથી નાના બાળકની જેમ સંભાળી રહી છે**



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૨૪

પહેલાના જમાનામાં જયારે મનોરંજનના આટલા સાધનો ઉપલબ્ધ નહોતા ત્યારે ગામડામાં આવતી નાટક કંપનીઓ મનોરંજનનું મુખ્ય સાધન બની રહેતી. આ નાટક કંપનીઓ દ્વારા ભજવાતા નાટકોમાં કૌટુંબિક નાટકોની ભરમાર રહેતી હતી. જેમાં કેટલાક નાટકોના નામ હજુ પણ લોકમુખે છે જેવા કે 'વહુએ વગોવ્યા ખોરડાં', 'વહુ માથાની મળી', 'સો દા'ડા સાસુના તો એક દા'ડો વહુનો' વગેરે. આ નાટકોના નામ પરથી તો એવું જ લાગે કે તે જમાનામાં વહુ માથા ભારે જ હશે કે શું? જો કે આજના યુગમાં વધી રહેલા માઈક્રો ફેલિમીની સંખ્યા માટે આડકતરી રીતે 'વહુઓ' ને જવાબદાર ગણાવાય છે ત્યારે ગાંધીનગરમાં એક પરિવાર એવું પણ છે કે જેની 'વહુઓ' સવાઈ દિકરીઓ થઈને પોતાના સંયુકત કુટુંબને સજાવી રહી છે. એટલું જ નહી પરંતુ આ પરિવારની માનસિક રીતે વિશિષ્ટ દિકરી એટલે કે પોતાની નણંદની છેલ્લા પચ્ચીસેક વર્ષથી સુંદર સંભાળ લઈ રહી છે.

હાલ સમાજમાં એક તરફ એવા પણ ઉદાહરણ છે કે સગા દિકરા પોતાના મા-બાપને વૃધ્ધાશ્રમમાં મુકી આવતા અચકાતા નથી ત્યાં આ બંને ભાભીઓ પોતાની ૫૫ વર્ષીય નણંદનું દાયકાઓથી નાના બાળકની જેમ જતન કરી રહી છે. દેશભરમાં જ્ઞાતિવાદ સમય સાથે ઓગળવાને બદલે વધુને વધુ વકરી રહ્યો છે તેવા સમયમાં 'પરજ્ઞાતિ'ની આ બંને વહુઓ સાચા અર્થમાં 'પારકાંને પોતાના' કરી માત્ર પોતાના સંતાન મોટે પોતાની જ્ઞાતિનું જ પાત્ર જોઈએ તેવી વાહિયાત મમત લઈ બેઠેલા જ્ઞાતિવાદીઓના ગાલે સજ્જડ તમાચો મારી રહી છે. ગાંધીનગરમાં સે-૨માં રહેતા નિરવ મહેતા અને વિપુલ મહેતાની જીવનસંગીનીઓ નંદિતાબેન અને બિન્દીબેન ભાભી-નણંદના સંબંધને નવો આયામ આપી સમગ્ર પરિવારની જીંદગી સજાવી રહ્યા છે. ચુસ્ત બ્રાહ્મણ પરીવારમાં જૈન નંદિતાબેન અને ક્ષત્રિય બિન્દી બેન સમાજ માટે પ્રેરક ઉદાહરણ બની રહી છે.

દિકરી માટે પોતાના સમાજનો જ અને એકનો એક દિકરો હોય તેવો જમાઈ શોધતા પિતા માટે દર્પણ સમાન આ બંને સન્નારીઓએ એવા જીવનસાથીને પસંદ કર્યો છે જે ઘરમાં ત્રણ ત્રણ નણંદ હોય અને એમાંથી એક તો નાનપણથી જ પોતાનું માનસિક સંતુલન ગુમાવી ચુકેલ હોય. જેને સતત એક દર્દીની જેમ દેખભાળની જરૂર રહે છે. આ નણંદ એવી કે ગમે ત્યારે ગુસ્સો આવે તો નાગમે તેવું બોલી નાંખે, ઘરમાં વચ્ચોવચ બેસી જાય, મનમાં આવે ત્યારે ગમતી વાનગી બનાવી આપવા જીદે ચઢે અને સ્ટ્રેસ વધી જાય તો તેને ખેંચ પણ આવી જાય અને બિમાર પડી જાય. આમ તો સ્વસ્થ હોય ત્યારે વર્ષો જુની યાદો પણ તાજી કરે તેવી યાદ શકિત સાથે ડાહી ડાહી વાતો પણ કરે, પરંતુ અસ્વસ્થ હોય તો શરીરની નબળાઈના કારણે એક ઉધરસના મારથી પણ ઝાડો-પેશાબ પથારીમાં કરી બેસે. 'પર્ણા' જેવું સાંભળવું ગમે તેવું સુંદર નામ ધરાવતી આ નણંદને વારંવાર ખેંચ આવવાના કારણે આમ પણ દૃષ્ટિ નબળી હતી એમાં એકાદ વર્ષ પહેલા એક મોટી ખેંચમાં તે હવે સંપૂર્ણપણે જતી રહી છે. આમ તો સંતાનોથી હર્યાભર્યા આ ઘરમાં દિકરીનું પળેપળનું ધ્યાન રાખવા સક્ષમ તેની માતા એટલે કે બંને વહુઓના સાસુ હયાત છે જ. આમ છતાં નબળી દિકરીનો બોજ તેમના માથે નાંખી પોતાનો અલગ માળો ગુંથવાને બદલે તેમના પડખે રહી પરજ્ઞાતિની હોવાના કારણે વહુ તરીકે સ્વીકારવા આનાકાની કરનાર સાસુની આજે લાડકી બની જવા પામી છે. પર્ણાબેનને દર દોઢ બે મહિને વાળ કાપી ડાઈ કરી આપવાના, નખ કાપીને રંગી આપવાના, તેમના માસિક ધર્મ સમયે સાસુને મદદરૂપ થવા જેવા કાર્યો સાથે રોજ બરોજના નાના-મોટા તમામ કામોમાં બંને ભાભી નણંદને બાળકની જેમ સાચવી રહી છે. સુખી સંપન્ન કુટુંબ હોવાને કારણે વાર તહેવારે પ્રસંગોપાત જવાનું હોય ત્યારે બેમાંથી એક ભાઈનું પરિવાર જાય અને એક ઘરે રહે તેવો શિરસ્તો હોંશ હોંશે સ્વીકાર્યો છે.



પોતાની બહેનની સંભાળ તો સૌ કોઈ રાખે પરંતુ પોતાના દિકરાની જનોઈના પ્રસંગે થાકી જવાથી બિમાર પડી જનાર નણંદની સારવાર કરતા મોટા ભાભી કે પોતાની દિકરીને તાવ આવ્યો હોવા છતાં નણંદને સંભાળવામાં દિકરીનો ઠપકો સાંભળનાર નાના ભાભી પર્ણાબેનને બહુ ભાવતુ 'ખીચું' એ માંગે એટલે તુરંત જ બનાવી આપે. કેરીની સીઝનમાં તો કેરી ખવડાવે જ પરંતુ કવેળાએ નણંદ કેરી માંગે તો એને પ્રેમથી અત્યારે આંબા પર કેરી ઉગી નથી એવું સમજાવે. મોટા ભાઈના બાળકો 'કાકી' કહે એટલે પોતાના નાના ભાભીને હંમેશા 'કાકી' કહીને જ બોલાવતા પર્ણાબેનના અંધકારમય જીવનમાં માતાની સાથે ભાભીઓનો એવો સહારો પ્રાપ્ત થયો છે કે જેના કારણે અનેકવાર ઈશ્વરના બારણે ટકોરા મારીને પણ તેઓ પાછા આવી ગયા છે. નંદિતાબેન અને બિન્દીબેને નણંદ-ભાભીના સંબંધને પોતાની મમતા થકી એક અનોખી ઉંચાઈ આપી છે. ધન્ય છે બંનેને.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ગરમી અને ઉકળાટથી નગરજનો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં પ્રથમ તબક્કામાં સામાન્ય વરસાદ પડયા બાદ વરસાદે વિરામ લીધો છે ત્યારે શહેરમાં ફરીથી ગરમી અને બફારાએ તેનું સામ્રાજય જમાવ્યું છે.

હાલમાં સમગ્ર રાજયમાં વરસાદે વિરામ લીધો છે. વરસાદ ખેંચાતા ખેડૂતો સહિત સૌ કોઈ ચિંતિત બન્યા છે. વરસાદ ન આવતા શહેરમાં ફરીથી ગરમી પડવાનો પ્રારંભ થયો છે. છેલ્લા બે દિવસથી ગરમી અને ઉકળાટે સામ્રાજય જમાવ્યુ છે. નગરજનો ગરમીથી ખુબ ત્રાસી ગયા છે. બફારો ખુબ અનુભવાય છે. સૌ કોઈ પરસેવે રેબઝેબ થઈ ગયા છે. ગરમીથી બચવા માટે પુનઃ વસાહતીઓએ એ.સી.નો ઉપયોગ શરૂ કર્યો છે. મહત્તમ તાપમાનમાં પણ વધારો થયો છે. વસાહતીઓ હવે સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

## ઈન્દ્રોડા નજીકથી બિનવારસી યુવાન ગંભીર હાલતમાં મળ્યો

**૨૪ કલાકમાં સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ**
**મૃતકની ઓળખ માટે પોલીસે તજવીજ શરુ કરી**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામના આંતરિક માર્ગ પરથી ૨૨મી જુલાઈએ આશરે ૩૫ વર્ષીય યુવાન બિનવારસી હાલતમાં તરફડીયા મારતો મળી આવ્યો હતો. અત્યંત ગંભીર હાલતમાં મળેલા આ અજાણ્યા યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો ત્યાં ગઈ સાંજે યુવાનનું મૃત્યુ થવા પામ્યું હતું. બિમારીથી તેનુ મૃત્યુ થયું હોવાની શંકાને આધારે ઈન્ફોસીટી પોલીસે તપાસ શરુ કરી અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ કોલ્ડરૂમમાં મુકી ઓળખ માટે તજવીજ શરુ કરી છે. શ્રમિક જેવા દેખાતા આ યુવાને શરીરે કાળુ લીટીવાળુ શર્ટ અને બ્લ્યુ જીન્સ પહેરેલું છે. જમાદાર વરવાભાઈએ વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. સાહેબલાલ બલીરામ રેવતકર, ઉ.વ.૬૭